ડીસામાં ઉત્તરાયણ પર્વની તૈયારીઓ શરૂ

ડીસા, તા. ૪

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં ઉત્તરાયણ પર્વની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જીલ્લાના વિવિધ શહેરોમાં પતંગો અને દોરીના સ્ટોલ મંડાયા છે. જેમાં વેપારી મથક ડીસા ખાતે પણ ૨૫ જેટલા સ્ટોલ લગાવાયા છે. ઉત્તરાયણના દિવસે લોકો પતંગ ચગાવી આનંદ માણે છે.

એક બીજાના પતંગને કાપવા માટે ધારદાર માંજાની દોરીની માંગ રહે છે. ત્યારે ઉત્તરાયણને હજુ દસ દિવસની વાર છે છતાં પતંગ રસિકો દ્વારા અત્યારથીજ તૈયારીઓમાં શરૂ કરી દેવામાં આવી છે. જેને ધ્યાને લઈ વેપારીઓ દ્વારા પણ પતંગના સ્ટોલ શરૂ કરવામાં આવ્યા છે તેમજ ગેસીયા ફુગ્ગાનું વેચાણ પણ શરૂં થયું છે.

ઉત્તરાયણ પહેલા બાળકો અને કિશોરો પતંગ અને ફુગ્ગા ઉડાવવાની મજા માણે છે. જેમ-જેમ ઉત્તરાયણ પર્વ નજીક આવી રહ્યો છે. તેમ ડીસા સહિત અન્ય શહેરોના આકાશમાં રંગ બે રંગી પતંગોની સંખ્યા વધી રહી છે. આમ જેમ-જેમ ઉત્તરાયણ પર્વ નજીક આવી રહ્યો છે. તેમ-તેમ પતંગ રસિકોમાં ઉત્સાહ ઉભરાઈ રહ્યો છે. તેમજ શ્વાન, ગાયોને ભોજન અને ઘાસ માટેની વ્યવસ્થા કરવાની કામગીરી શરૂ થઈ છે.

ઉત્તરાયણ પર્વને હજુ દસ દિવસની વાર છે ત્યારે અમરેલી જીલ્લાના ધારી ગામે એક બાળકના ગળામાં ચાઈનીઝ દોરી ફસાતા તેનું કરૂણ મોત નિજપતાં સરકારે આ ઘટનાને ગંભીરતાથી લઈ કોઈપણ જગ્યાએ ચાઈનીઝ દોરીનું વેચાણ ન થાય અને આવી દોરીનું વેચાણ કરનાર વેપારીઓ સામે પગલા ભરવા અધિકારીઓની તાકીદ કરવામાં આવી છે.

પ્રાંતિજમાં રેલીંગના સળિયા ચોરતા ચાર ઈસમો ઝડપાયા

પોલીસે રાત્રિના વોચ ગોઠવી ચોર ઈસમોને ઝડપી લીધા

ગાંધીનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે નં. ૮ પર સ્થિત રેલીંગ સુરક્ષાના સળિયા ચોરતી ગેંગને પોલીસે ઝડપી લીધી છે. કુલ ૪૬ નંગ સળિયા સાથે પોલીસે ચાર ઈસમોને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે પર સળિયા ચોરતા ઈસમોને ઝડપી લેવા પોલીસે રાત્રિના સમયે વોચ ગોઠવી હતી. બાતમીના આધારે ગોઠવાયેલી આ પોલીસ વોચ દરમિયાન સર્વિસ રોડ અને મેઈનરોડ વચ્ચે સ્થિત રેલીંગના સળિયા માટેના ચાર ઈસમોને પોલીસે ઝડપી લીધા હતા. પોલીસે આરોપી પ્રકાશ દલીપભાઈ, કિશન વાઘેલા, ફુલાભાઈ વાઘેલા તેમજ આરોપી શૈલેષ વાઘેલાને ઝડપી લીધા હતા. આ દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી ૪૬ નંગ સળિયા સહીત રૂ. ૫ હજારનો મુદ્દામાલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધનસુરા ગર્લ્સ સ્કૂલમાં પુસ્તક વિતરણ કાર્યક્રમ યોજાયો

ધનસુરામાં આવેલ ધનસુરા ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં પુસ્તક વિતરણ કરવામાં યોજાયો હતો. ધનસુરા પ્રદેશ સિનિયર સિટીઝન ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટના પ્રમુખ અને વી.બી. મહેતા, સહમંત્રી માણુભાઈ પટેલના હસ્તે ગરીબ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને જરૂરી પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રારંભે શાળાના આચાર્ય દક્ષાબેન પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરી આવકાર્યા હતા. જ્યારે જરૂરિયાત મંદોને ટ્રસ્ટ તરફથી ગણવેશ આપવામાં આવ્યા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હરિભાઈ પરમારે કર્યું હતું.

પાલનપુર ખાતે ઘાડાના હીજરતીઓને ન્યાય અપાવવા રામવિલાસ પાસવાન કરશે ધરણાં

પાલનપુર, તા. ૪

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ઘાડા ગામના દલિત સમાજના હીજરતીઓ છેલ્લા પાંચેક વર્ષથી ન્યાય માટે વલખાં મારી રહ્યાં છે. રાષ્ટ્રપતિ સુધી ન્યાયની ગુહાર લગાવ્યા છતાં તેઓને ન્યાય મળ્યો નથી. ત્યારે તેઓની વ્હારે ચડી આગામી ૨૫મી જાન્યુઆરીએ લોકજનશક્તિ પાર્ટીના અધ્યક્ષ રામવિલાસ પાસવાન પાલનપુર ખાતે ધરણાં ઉતરશે.

ડીસા તાલુકાના ઘાડા ગામના હીજરતીઓને ન્યાય અપાવવા લોકજનશક્તિ પાર્ટી મેદાને પડી છે. આજે પાલનપુર ખાતે લો.જ.પા.ના ગુજરાત પ્રદેશ પ્રમુખ મુકેશ ગુર્જરે પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં તેઓએ ઘાડાના દલીત હીજરતીઓને ન્યાય અપાવવા માટે લો.જ.પા. દ્વારા પાલનપુર ખાતે ૨૩ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન અનશન સહીત ધરણાનો કાર્યક્રમ યોજવાની જાહેરાત કરી હતી. જેમાં ૨૫મી જાન્યુઆરીએ

લો.જ.પા.ના રાષ્ટ્રીય અધ્યક્ષ રામવિલાસ પાસવાન પણ ધરણાં પર ઉતરશે તેવી જાહેરાત લો.જ.પા.ના ગુજરાત પ્રદેશ પ્રમુખ મુકેશ ગુર્જરે કરી હતી. વધુમાં તેઓએ પી.એમ. ઈન વેઈટીંગ નરેન્દ્ર મોદી પર ચાબખા મારતા જણાવ્યુ હતું કે, તેઓ પરપ્રાંતમાં જઈ ગુજરાતના વિકાસની ગુલબાંગો પોકારે છે. જ્યારે ઘરઆંગણે ગુજરાતમાં આમ આદમી અને પીડીતો, શોષિતો અને દલીતોને ન્યાય મેળવવા માટે વલખાં મારવા પડે છે.

દિગંબર જૈન ધર્મના ધર્મગુરુ માઉન્ટ આબુથી વિહાર કરતાં પ્રાંતિજ ખાતે આવ્યા હતા. જ્યાં રાત્રિ રોકાણ કર્યું હતું. જ્યાં તેમના દર્શનાર્થે મોટી સંખ્યામાં જૈન ભાવિકો ઉમટયા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

નેશનલ હાઈવે નં. ૮ પર

મજરા ત્રણ રસ્તા પાસે કારની ટકકરે સ્કૂટર સવાર દંપતિ ઈજાગ્રસ્ત

પ્રાંતિજ, તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ મજરા ત્રણ રસ્તા પાસેથી પૂરપાટ ઝડપે પસાર થતી મારૂતિ સ્વીફટ કારે એક એકિટવાને ટકકર મારતા વડવાસા ગામના દંપતિને માથાના ભાગે અને શરીરે ઈજાઓ પહોંચી હતી તેથી તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મજરા ગામ પાસે આવેલ નેશનલ હાઈવે નં.૮ પરની મજરા ચોકડી પર બનેલા અકસ્માતના આ બનાવમાં વડવાસા ગામના જોઈતાભાઈ પટેલ અને તેમના પત્ની ગંગાબેન પોતાના એકિટવા સ્કૂટર પર જઈ રહ્યા હતા ત્યારે હિંમતનગર તરફથી પૂરપાટ ઝડપે આવતી મારુતિ સ્વીફટ કારે ટકકર મારી હતી. કારની

ટકકર વાગતા સ્કૂટર હવામાં ફંગોળાઈ ગયું હતું.

જેના કારણે દંપતિને માથાના ભાગે તેમજ શરીરના ભાગે ઈજાઓ પહોંચી હતી. આ બનાવ જોતા આસપાસ ઉભેલા લોકોએ દંપતિને મજરા આરોગ્ય કેન્દ્ર પર સારવાર માટે લઈ ગયા હતા. જયારે આ દરમિયાન તક ઝડપી કાર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.

દાંતીવાડા તાલુકાના જેત્રોલ ગ્રામ પંચાયત કચેરીના કર્મચારીઓની અનિયમિતતાથી ગ્રામજનો ત્રસ્ત

દાંતીવાડા, તા. ૪

દાંતીવાડા તાલુકાના જેત્રોલ ગામમાં ગ્રામ પંચાયતનો સ્ટાફ અનિયમિત હોવાથી ખેડૂતોને પંચાયતના કામ અર્થે અવારનવાર ધક્કે ચડવું પડી રહ્યું છે. છાશવારે ગ્રામ પંચાયત કચેરી બંધ તાળા મારેલ હાલતમાં જોવા મળતાં ગ્રામજનોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

જેત્રોલ ગામના લોકોને પંચાયતી કામો જેવા કે આવકના દાખલા, જન્મ-મરણના દાખલા, પેઢીનામુ, બીપીએલ લાભાર્થીના દાખલા, જમીનની આકરણી, ઘરવેરાની પાવતી વગેરે કામો માટે વારંવાર ધક્કા ખાવાનો વારો આવી રહ્યો છે. વળી ગામલોકોના જણાવ્યા અનુસાર આજુબાજુના વિસ્તારના જમીનના સોદાગરો કે વગ ધરાવતી વ્યક્તિઓના કામ હોય ત્યારે તલાટી તેમની સાથે તાલુકા મકે અવારનવાર જોવા મળે છે. પણ ગામ લોકોને ગ્રામ પંચાયતના કામ માટે ધક્કે ચડવાનો વારો આવી રહ્યો છે. ચાલુ કામકાજના દિવસે પણ પંચાયત કચેરી બંધ રહેતા ત્રાસેલા ગ્રામજનો તલાટી નિયમિત થાય તે માટે તંત્ર સમક્ષ પગલા લેવા અપેક્ષા રાખી રહ્યા છે.

ધનસુરા તાલુકાના જસવંતપુરાના યુવાને ઝેરી દવા ગટગટાવી

ધનસુરા સરકારી દવાખાનામાં સેકશન મશીનના અભાવથી સારવારમાં તકલીફ

ધનસુરા, તા.૪

ધનસુરા તાલુકામાં અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવવાની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે. વળી ધનસુરા સરકારી દવાખાનામાં દર્દીના પેટમાંથી ઝેરી દવા કાઢવા માટેના સકશન મશીનના અભાવે દર્દીઓને હાલાકી ભોગવવી પડી રહી છે.

સતત બે દિવસમાં ઝેરી દવા ગટગટાવવાની બે ઘટનાઓએ ધનસુરા પંથકને હચમચાવી દીધું છે. ધનસુરાના પેઈન્ટર કિસ્નને કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પીને મોત વ્હાલું કર્યાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં જસવંતપુરા ગામના યુવાન જીતુભાઈ કાળાભાઈ કોટવાલે પોતાના ઘરમાં અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી હતી. જીતુભાઈને તાત્કાલિક વાત્રક હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાતા ફરજ ઉપરના મેડીકલ ઓફિસર સચીન સુથારે ધનસુરા પોલીસ સ્ટેશને જાણવા જોગ ફરિયાદ આપેલ હતી.

ધનસુરા તાલુકામાં અવારનવાર આ પ્રકારના બનાવો બને છે પરંતુ આ સમયે દર્દીને સારવાર આપવા પેટમાંથી ઝેરી દવા બહાર કાઢવા માટે જરુરી સકશન મશીનના અભાવે સરકારી દવાખાનામાં દર્દીઓને બહારગામ મોકલવાની ફરજ પડે છે જે એક ચિંતાજનક બાબત છે.

પ્રાંતિજ તાલુકાના વજાપુરની મહિલા ગંભીર રીતે દાઝી જતા મોત નીપજ્યું

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ તાલુકાના વજાપુર ગામે એક મહિલા રસોઈ કરતા ગંભીર રીતે શરીરે દાઝી ગઈ હતી. અગમ્ય રીતે દાઝેલી આ મહિલાને ગંભીર હાલતમાં પહેલા પ્રાંતિજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. ત્યારબાદ વધુ સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવી હતી. હિંમતનગર સિવિલમાં સારવાર દરમ્યાન મહિલાનું મોત નીપજ્યું હતું. આ અંગે પોલીસને ફરિયાદ કરાતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ તાલુકાના સાંપડની સીમમાંથી દસ હજારના વાયરની ચોરી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પાસે આવેલા સાંપડ ગામની સીમમાં આવેલ એક ખેતરમાંથી યુજીવીસીએલના રૂપિયા દસ હજારની કિંમતના વાયરોના ત્રણ બંડલ ચોરાઈ ગયા હતા. આ ઘટના બાબતે પ્રાંતિજ પોલીસ સ્ટેશને જાણ કરાતા પોલીસે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ચોરીનો ગુનો નોંધી શોધખોળ ચાલુ કરી હતી.

સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ મહેસાણાનો સુવર્ણ જયંતિ મહોત્સવ

મહેસાણા, તા. ૪

મહેસાણા શહેર નાગલપુર સ્થિત સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ મહેસાણા દ્વારા ૫૦ વર્ષ પુર્ણ થતાં સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે અવની સીડ્સના અંબાલાલ પટેલે રૂપિયા ૧ કરોડ ૨૫ લાખનું માતબર દાન આપતાં અવની સીડ્સ વિદ્યાસંકુલ નામકરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્વ. બલરામ ક્ષત્રિય સંસ્થાના સ્થાપકના તૈલીચિત્રનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પસંગે નાણામંત્રીશ્રી નિતીનભાઈ પટેલે ૫ લાખ, સંસદશ્રી જયશ્રીબેન પટેલે ૧૧ લાખ અને રાજય સભાના સંસદશ્રી અલકાબેન ક્ષત્રિયે ૧૧ લાખ રૂપિયા તેમની ગ્રાન્ટમાંથી ફાળવ્યા હતા. આ ઉપરાંત ૧૦૦ જેટલા નવીન ટ્રસ્ટીઓ રૂપિયા ૧ લાખ ૧૧ કરોડ દાન આપી સેવા સંકુલમાં જોડાયા હતા.

આ પ્રસંગે નાણા અને આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે શિક્ષણની દિપ પ્રગટાવવાનું ઉત્તમ કાર્ય આ સંસ્થા દ્વારા થઈ રહ્યું છે. આ સંસ્થાએ આજ સુધી ૫ લાખથી વધુ વિદ્યાર્થીઓના જીવનમાં નવો ઉજાસ ભર્યો છે. સંસ્થા દ્વારા આજના યુવાનોનું જીવન ઘડતર કરવામાં મહત્વની ભુમિકા ભજવી છે. ૫૦ વર્ષની મજલમાં આ સંસ્થાએ વિવિધ અભ્યાસકમો દ્વારા શૈક્ષણિક સુવિધામાં વધારો કર્યો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સમાજમાં માનવીનું ઘડતર શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા થાય છે. આજે દાતાશ્રીઓએ માતબર દાન કરીને સમાજમાં શિક્ષણના મહત્વને ખરા અર્થમાં ઉજાગર કર્યું છે. આજે આપણા રાજયમાં દરેક સમાજમાં શિક્ષણનું મહત્વ વધી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાદાયક શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, ગુણોત્સવ સહિત વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોથી આજે રાજયમાં શિક્ષણના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૨૦મીએ ખેડૂત દિનની ઉજવણી કરાશે

હિંમતનગર, તા. ૪

રાજયકક્ષાના ૬૫માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સંયુક્તરીતે હિંમતનગર ખાતે યોજાનાર છે. ત્યારે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા જિલ્લાના ધરતીપુત્રોને ખેતી વિષયક વૈજ્ઞાનિક જાણકારી મળી રહે તે માટે ખેડૂત દિનની ઉજવણીનો નવતર અભિગમ જિલ્લા પ્રશાસને હાથ ધર્યો છે. જે અંતર્ગત તા. ૨૦મી જાન્યુઆરી-૨૦૧૪ના રોજ સમગ્ર જિલ્લામાં ખેડૂત દિનની ઉજવણી કરવામાં આવશે.

જેમાં પાક સુધારણા અને વૈજ્ઞાનિક અભિગમથી ઉત્તમ ખેતી કઈ રીતે કરી શકાય તે અંગે કૃષિવિદ્ અને વૈજ્ઞાનિકો દ્વારા સમજ આપવામાં આવશે. ઉપરાંત ખેડૂત શિબિરમાં ખેતીલક્ષમી માર્ગદર્શન ૧૫ી તેમના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ કરવામાં આવશે. આ કૃષિદિનમાં સૌ કૃષિકારોને જોડાવા કલેક્ટરશ્રી બંછાનિધિ પાનીએ અનુરોધ કર્યો છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

પાલનપુર શહેરના ગોબરી રોડ પર વિદેશી દારૂ વેચાતો હોવાની ગુપ્ત બાતમીના આધારે પોલીસે એક ઘરમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક બુટલેગરને ઝડપી પાડ્યો હતો.

પાલનપુરમાં ભિક્ષુકોને રહેવા માટેની રેન બસેરાની વ્યવસ્થા ઠંડીથી રક્ષણ આપવા નગરપાલિકા દ્વારા નિર્ણય લેવાયો

પાલનપુર, તા. ૩

પાલનપુર શહેરમાં ઠંડીથી ભટકતુ જીવન ગુજારતા અને ભિક્ષુક ઈસમોના મોતને ધ્યાને લઈ પાલનપુર નગરપાલિકાએ પાલનપુરમાં ભિક્ષુકોને રહેવા માટે સંતકબીર હોલ ફાંસીયા ટેકરા પાસે પાણીની ટાંકી પાસે વ્યવસ્થા હાથ ધરી છે. જેનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે. પાલનપુરમાં ભટકતુ જીવન ગુજારતા અને ભિક્ષુક વ્યક્તિઓ માટે ઠંડીથી બચવા અને રહેવા છત મળી રહે તે આશયથી નગરપાલિકા દ્વારા શહેરના ફાંસીયા ટેકરા વિસ્તારમાં આવેલા પાલિકા હસ્તકના હોલ ખાલી કરી તેની સાફ સફાઈ કરી શિયાળા માટે ભિક્ષુકોને રહેવાની સગવડ પુરી પાડવામાં આવી છે. ત્યારે શહેરમાં રહેતા અને ભટકતુ જીવન ગુજારતા ઈસમોને આ રેઈન બસેરા હોલમાં આસરો આપવા પાલિકા પ્રમુખ હસમુખ પઢીયારે અનુરોધ કર્યો છે. તેમજ હાલમાં કડકડતી ઠંડીમાં નિસહાય અને અતિ ગરીબ લોકોને વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગરમ ધાબળાઓનું વિતરણ કરવામાં આવે તે જરૂરી છે તેમ પણ જણાવેલ છે.

આમ ભટકતુ જીવન જીવી રાત્રીના સમયે કાતીલ કડકડતી ઠંડીમાં ઠુઠવાતા ભિક્ષુકોને આશરો મળતા પ્રજાએ રાહતની લાગણી અનુભવી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્રા મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન